# વૈભવનું વરવું પ્રદર્શન : પૈસો બોલે છે







માણસને મોટાઈ બતાવવાનો રોગ આદિઅનાદિથી લાગુ પડેલો છે. બધાની લાઈનમાં ઊભા રહીને સરખેસરખા હોવાનું સ્વીકારવામાં એને નાનમ વરતાતી રહી છે. મોટાઈ કુળના નામે બતાવી શકાતી હોય, નાણાંકીય દૃષ્ટિએ સધ્ધર હોવાના મુદ્દે કે શારીરિક સુંદરતા કે બળના નામે - બીજા કરતાં પોતે કંઈક વધારે હોવાનું પ્રદર્શન કરવામાં એને આનંદ આવે છે. કુળ અને ગોત્ર આપણા દેશમાં લોહીમાં રસાઈ ગયેલાં દૂષણ છે. એ આપણને માણસ તરીકે બીજા માણસની સાથે સમાન લેવલે જીવતાં અટકાવીને કુંડાળામાં પૂરી દે છે.વર્ણાશ્રમની વ્યવસ્થા વિરુદ્ધ ઊહાપોહ થયો ખરો પણ એથી ઊંચનીચના પરંપરાગત સંસ્કારોને ઝાઝો ઘસારો નથી પહોંચી શક્યો. કુલાભિમાન જેવો જ અસાધ્ય રોગ દેશાભિમાન છે.આપણે એક ચોક્કસ સરહદની અંદર પુરાયેલા ભૂભાગને આપણે આપણો દેશ માની લઈએ છીએ અને પછી મરીએ ત્યાં સુધી એનાં ગુણગાન ગાતા રહીએ છીએ. નર્મદથી લઈ ટાગોર, ઈકબાલ અને મૈથિલીશરણ ગુપ્ત કે સુબ્રમણ્યમ ભારતી સુધીના કવિઓ દેશાભિમાનની ગાથાઓ રચતા રહ્યા છે અને આપણને દેશાભિમાનનું પોરસ ચડાવતા રહ્યા છે. જયશંકર પ્રસાદ એમના નાટકમાં ગાય છે: “અરુણ, યે મધુમય દેશ હમારા...”

વળી એમની ‘હિમાદ્રિ તુંગ શૃંગ સે પ્રબુદ્ધ શુદ્ધ ભારતી/ સ્વયં પ્રભા સમુજ્વલા સ્વતંત્રતા પુકારતી.. અમર્ત્ય વીર પુત્ર હો દૃઢપ્રતિજ્ઞ સોચ લો, પ્રશસ્ત પુણ્યપંથ હૈ બઢે ચલો બઢે ચલો...” જેવી રચનાઓ આટલાં વર્ષો પછી પણ આપણી પ્રજાને જીભવગી રહી છે.બંકિમબાબુની ‘આનંદમઠ’ નવલકથામાં આવતું ‘વન્દે માતરમ્’ અને રવિબાબુનું ‘જનગણમન’ કે ઈકબાલનું ‘સારે જહાં સે અચ્છા’ આપણને હિંદુસ્તાની હોવાની ભવ્યતાનો કેવો સુરુચિપૂર્ણ અનુભવ કરાવે છે! છેલ્લે છેલ્લે કોઈ કલ્પના પણ ન કરી શકે એવી ધાર્મિક વિચારધારાએ જનમાનસ પર કબજો જમાવી દીધો છે એ પણ અંતે તો બીજા લોકો કરતાં આપણે ચડિયાતા છીએ એ ખોટી માનસિકતાનું જ ઉદાહરણ છે. દરેક પ્રજા પોતાને બીજી પ્રજાઓ કરતાં અને દરેક પ્રજાતિ બાકીની પ્રજાતિઓ કરતાં પોતાને કોઈ ને કોઈ મુદ્દે મૂઠી ઊંચેરા સ્થાને સ્થાપીને જીવે છે. હરણ જરૂર સિંહની દયા ખાતું હશે કે આવું તાકાતવાળું પ્રાણી હોવા છતાં કેવી કમનસીબી છે કે એ બીજા જીવોને મારીને જીવે છે. ઉત્ક્રાન્તિના આટલા લાંબા સમય પછી પણ એને ઘાસ કે ફળ ખાવાનું આવડ્યું જ નહીં. સાવ જંગલી ને જંગલી જ રહ્યું!

ગાંધી વિલાયત ભણવા માટે ગયા ત્યારે એમને ઘણા શુભેચ્છકોએ ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષિત કરવા કોશિશ કરી હતી. એમની આત્મકથાનું ‘હૃદયમંથન’ પ્રકરણ વાંચવા જેવું છે. ઘણા ઊંડા મનોમંથન બાદ એમને ખાતરી થઈ ગઈ હતી કે જે ધર્મ કુદરતી વારસામાં મળેલો છે એને જ વળગી રહેવું શ્રેયસ્કર છે.એમણે એમના સમોવડિયા છતાં અધ્યાત્મ ક્ષેત્રે બહુ જ આગળ વધી ગયેલા ‘રાયચંદભાઈ’ ઉર્ફે શ્રીમદ્ રાજચંદ્રની સલાહ પણ લીધી હતી. ભગવદ્

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે એમ સ્વધર્મે નિધનં શ્રેય: પરધર્મો ભયાવહ: નું ઉદાર અર્થઘટન કરી ધર્મને રિલિજિયન કરતાં ઊંચું સ્થાન આપીએ તો પણ આપણે જે ધર્મ વારસામાં મળેલો છે એને જ શ્રેષ્ઠ ગણીએ તો કશું ખોટું નથી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ‘આનંદમઠ’ના સર્જક બંકિમબાબુની કલ્પનાની જેમ ભારતમાતાને પરમ વૈભવ સુધી પહોંચાડવાની નેમ રાખે છે. મધર ઇન્ડિયાનો સીધો અનુવાદ ભારતમાતા થાય. આપણો ઉપનિષદ કાળનો ઋષિ તો

**એક તરફ ભૂખ છે, બીજી તરફ રુપિયાની રેલમછેલ. ભારત પ્રગતિ કરી રહ્યું છે પણ એ કયું ભારત છે એ રેલવે સ્ટેશન પર વગર પથારીએ રાત ગાળતાં ગરીબડાં મજૂરોને પૂછો તો સમજાશે. માણસને બીજા કરતાં પોતે કંઈક વધારે હોવાનું પ્રદર્શન કરવામાં મજા આવે છે**

રાષ્ટ્રને ભારત વર્ષ કે આર્યાવર્ત તરીકે ઓળખાવે છે.પાશ્ચાત્ય સંસ્કાર કેવી સૌમ્ય સલૂકાઈથી ભારતવર્ષને ભારતમાતામાં કન્વર્ટ કરે છે અને આપણે સામૂહિક રીતે ભારતમાતા કી જય બોલાવતા થઈ જઈએ છીએ!! જો કે એમાં છે તો માતૃભૂમિની ગરિમાનો જ મહિમા.રામને પણ જનની અને જન્મભૂમિ બેઉ સ્વર્ગથીય ચડિયાતી લાગેલી.

વૈરાગ્યનો મહિમા કરનારી આપણી પ્રજાને વૈભવ પ્રત્યે કેવું આકર્ષણ છે એનું ઉદાહરણ આપણાં ભવ્ય મહાલયો જેવાં મંદિરો છે. પૈસાને હાથ નહીં અડાડનારા સંતો અને મહાત્માઓ તાજમહાલની સ્પર્ધામાં ઊતરે એવાં મંદિરો બંધાવીને કૃતકૃત્યતા અનુભવે છે. દેવાલયો કરતાં દેશમાં વધારે જરૂર તો શૌચાલયોની છે. મોરારિબાપુ જેવા સંત રેશનાલિસ્ટ રમણલાલ પાઠકના આગ્રહથી એવી એકાદ કથા પણ આપી દે છે અને પોતાના નાનકડા ગામમાં ઘેર ઘેર શૌચાલય બંધાવી પણ આપે છે પણ આપણે મહિમા તો ભવ્ય રામજન્મભૂમિ મંદિરનો જ ગાઈશું. હજારો ગરીબોને નેત્રયજ્ઞો યોજી દૃષ્ટિ આપનારા સેવાભાવી તબીબો કરતાં અબજો રૂપિયાનો ધુમાડો કરી પુત્રના પ્રિવેડિંગનો જલસો યોજનાર ઉદ્યોગપતિને આપણે વધુ ગૌરવવંતા ગણીએ છીએ! એમની પાસે પાણીની જેમ વહેવડાવી દેવા જેટલી દોલત ભેગી થઈ ગઈ છે અને એનું એ વરવું પ્રદર્શન કરતા રહે છે. એમના અંગત પ્રસંગોને કોણ જાણે કેમ આપણે નહાવાનિચોવાનો સંબંધ નહીં હોવા છતાં આપણું ગૌરવ ગણીને રાજીના રેડ થઈ જઈએ છીએ. એમના બેફામ ખર્ચવાળા ઇંટરનેશનલ VVIP જલસામાં આપણને તો ઝૂકવાનોય હક નથી. ત્યાં તો આગવી ચાર્ટર્ડ ફ્લાઇટોમાં દુનિયાભરમાંથી ધનકુબેરોની જમાત ઊતરી પડે છે, કરોડોમાં વેચાતા રહેતા ક્રિકેટરો અને અબજોમાં આળોટતા ફિલ્મી કલાકારો ઊમટી પડે છે. જાણે એમના પરિવારનો પ્રસંગ હોય એમ કાયાનાં કામણ ઠાલવીને વિશ્વપ્રસિદ્ધ અભિનેત્રીઓ ડાન્સ કરે છે.અભિનેતાઓ ઠુમકા ભરી ભરીને ધનકુબેર યજમાનને ખુશખુશાલ કરી દે છે. ઉદાર ધનકુબેર પણ દુનિયાના કોઈ સત્તાધીશ કે ઉદ્યોગપતિએ ન કરી હોય એવી માતબર લહાણી કરીને વૈભવનું વિક્રમજનક ભવ્ય પ્રદર્શન કરે છે. ફક્ત પાંચ સાત દાયકા પહેલાં એમના પિતાએ પેટ્રોલપંપની નોકરી છોડીને વેપારમાં ઝંપલાવ્યું હતું અને આજે આખી દુનિયા એમની મુઠ્ઠીમાં છે! દેશમાં કોને સત્તાની ખુરશી પર બેસાડવો ને કોનું કાયમને ખાતે નામું લખી નાખવું એ એમના જેવા બેપાંચ ધનકુબેરોની ટોળકી નક્કી કરે છે.

પ્રિવેડિંગ જેવાં ધતિંગ યોજતા માલેતુજારોના રાક્ષસી વૈભવ પ્રદર્શનને જોઈ ને ‘પૈસો બોલે છે ’ નામનું જૂની રંગભૂમિનું નાટક ન યાદ આવી જાય તો જ નવાઈ. કોઈ નસીબદાર માનવી પાસે અઢળક વૈભવ હોય પણ એનો વિકૃત દેખાડો ન થતો હોય તો એના પ્રત્યે જનસાધારણને ઊંડો આદરભાવ રહેશે.વૈભવ ધરાવતા અનેક પાશ્ચાત્ય ધનકુબેરોએ એમની મોટાભાગની સંપત્તિ લોકકલ્યાણ અર્થે સમર્પિત કરીને દાખલો બેસાડ્યો છે. પોતાના માટે કે પરિવારજનો માટે બેશુમાર ધન વાપરવા કરતાં જરૂરિયાતવાળાં ફૂટપાથ પર પડી રહેતાં શ્રમજીવી ભાંડુઓ માટે, કાળઝાળ ગરમીમાં કે કડકડતી ઠંડીમાં કાયાના કટકા કરી બે સાંધા મેળવવા મથતાં વસુંધરાનાં વ્હાલાંદવલાંને રહેવાલાયક છાપરું બનાવી આપનાર મહાજન દેખીતી રીતે જ વધારે વહાલા લાગે. એક તરફ ભૂખ છે, બીજી તરફ રૂપિયાની રેલમછેલ. ભારત પ્રગતિ કરી રહ્યું છે પણ એ કયું ભારત છે એ રેલવે સ્ટેશન પર વગર પથારીએ રાત ગાળતાં ગરીબડાં મજૂરોને પૂછો તો સમજાશે.



# ચૂંટણીમાં અલગતાવાદીઓનો વિજય ચિંતાજનક

લોકસભા ચૂંટણીનાં પરિણામોની ચર્ચા અને વિશ્લેષણ ખૂબ થયું. પરંતુ એક વાત બધાના ધ્યાન બહાર રહી ગઈ અને તેના પર ચર્ચા નથી થઈ કે નથી મથાળાં બન્યાં. તે એ કે આ ચૂંટણીમાં પંજાબમાં ખાલિસ્તાની સમર્થકોએ બહુ મોટી સંખ્યામાં ઉમેદવારી કરી. એટલું જ નહીં, એક કટ્ટરવાદી ખાલિસ્તાની સમર્થક અમૃતપાલસિંહ તો જેલમાંથી પંજાબની ખદુર સાહિબ બેઠક પરથી ચૂંટાઈ આવ્યો. આ જ રીતે જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા સામે તિહાડ જેલમાંથી ચૂંટણી લડનાર એન્જિનિયર રશીદ બારામુલ્લા બેઠક પરથી ચૂંટાઈ આવ્યો. હવે તેઓ સાંસદ બન્યા છે!

અમૃતપાલસિંહ ૧.૯૩ લાખની સરસાઈથી તો એન્જિનિયર રશીદ બે લાખની મોટી સરસાઈથી ચૂંટણી જીત્યો.

‘ઇન્ડિયા ટૂડે’ના રિપોર્ટ મુજબ, ૨૦૧૯ની સાપેક્ષે આ વખતે વધુ ખાલિસ્તાની સમર્થકોએ ઉમેદવારી કરી હતી. વારિસ પંજાબના વડા અમૃતપાલસિંહ, અકાલી દળ (અમૃતસર) ના સિમરનજિતસિંહ માન ચૂંટણી લડી રહ્યા હતા. સિમરનજતસિંહ માને બીજા છ ઉમેદવારોને આનંદપુર સાહિબ, ફરીદકોટ, લુધિયાણા અને પતિયાલા, કરનાલ અને કુરુક્ષેત્ર પરથી ટિકિટ આપી હતી.

અમૃતપાલસિંહની ધરપકડ વખતે તેના સમર્થકોએ પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. તેમાં ત્રણ પોલીસ જવાન ઘવાયા હતા. રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ પકડાયેલો અમૃતપાલ જેલમાં બેઠાં-બેઠાં ચૂંટણી કેવી રીતે લડી શકે? આના માટે કાયદો સુધારવો જોઈએ. અમૃતપાલસિંહે પંજાબ અને હરિયાણા ઉચ્ચ ન્યાયાલયમાં લોકસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા જેલમાંથી કામચલાઉ મુક્તિ માગી હતી. આ કેસમાં પંજાબની આઆપ સરકારે કહ્યું હતું કે તેણે અમૃતપાલને લોકસભા ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવામાં સહાયતા કરી છે! એટલે કે સક્રિયતા માટે જાણીતા ન્યાયાલય કે સરકાર બંનેમાંથી કોઈએ તેના ચૂંટણી લડવાનો વિરોધ ન કર્યો. ન રાજ્ય સરકારે, ન કેન્દ્ર સરકારે વિરોધ કર્યો. અમૃતપાલસિંહ અત્યારે આસામની જેલમાં છે, જે ભાજપ સરકારના નિયંત્રણમાં આવે છે.

આ જ રીતે બારામુલ્લા પર ચૂંટણી જીતનાર એન્જિનિયર રશીદ ત્રાસવાદને ભંડોળના કેસમાં ત્રાસવાદ વિરોધી કાયદા- યુએપીએ હેઠળ તિહાડ જેલમાં છે! તે પહેલાં જમ્મુ-કાશ્મીરનો ધારાસભ્ય પણ રહી ચૂક્યો છે. હવે તેઓ સંસદમાં બિરાજશે!

પશ્ચિમ બંગાળમાં સાતેય તબક્કાઓમાં થયેલી હિંસાએ આ ચૂંટણીનું વરવું સ્વરૂપ દેખાડ્યું. મુર્શિદાબાદમાં સ્થાનિક કૉંગ્રેસ અધ્યક્ષના ઘર પર અને સામ્યવાદી પક્ષ- સીપીએમના પૉલિંગ એજન્ટો પર બૉમ્બ ફેંકવામાં આવ્યા. ભાજપના અનેક કાર્યકર્તાઓની હત્યા કરવામાં

**અબીલ ગુલાલ**
જયવંત પંડ્યા

આવી. બૉમ્બ મળવા અને ફેંકાવા તો ત્યાં સામાન્ય વાત થઈ ગઈ છે. ૮ ઑગસ્ટ ૨૦૨૨ના દિવસે પશ્ચિમ બંગાળના પૂર્વ બર્ધવાન જિલ્લાના તૃણમૂલ કૉંગ્રેસ નેતા અને પૂર્વ ઉપ પ્રધાન જિયાબુર રહમાનના ઘરે પોલીસના દરોડામાં ૪૫ વિસ્ફોટક બૉમ્બ અને શસ્ત્રો મળી આવ્યાં હતાં!

છ મેએ હુગલીના પાંડુઆમાં બાળકો રમી રહ્યાં હતાં ત્યારે એક બાળકે બૉમ્બને દડો સમજીને ઉઠાવી લીધો. બૉમ્બ

**પંજાબની ખદુર સાહિબ પરથી જેલમાં બંધ ખાલિસ્તાની અમૃતપાલ અને કાશ્મીરની બારામુલ્લા પરથી જેલમાં બંધ એન્જિનિયર રશીદનું ચૂંટાવું અને પશ્ચિમ બંગાળમાં સાતેય તબક્કામાં તેમજ ચૂંટણી પછી હિંસા ચિંતાજનક છે**

ફૂટ્યો અને તેના કારણે અનેક બાળકો ઘાયલ થયાં. ૧૧ વર્ષનો રાજ વિશ્વાસ હૉસ્પિટલમાં મૃત્યુ પામ્યો.

સાતમા તબક્કામાં ગ્રામીણોને મતદાન કરવા ન જવા દેતા, તેમણે ગુસ્સામાં આવી ઈવીએમ લૂટી બાજુના તળાવમાં ફેંકી દીધું હતું. મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીની બેઠક ડાયમંડ હાર્બરમાં એક ઈવીએમની તસવીર પૉસ્ટ કરીને ભાજપ નેતા અમિત માલવીયએ આક્ષેપ કર્યો હતો કે ઈવીએમ પર ભાજપના ઉમેદવારને મત આપવાના બટન પર ટેપ મારી દેવામાં આવી હતી.

એટલું જ નહીં, ૨૦૨૧માં જેમ ચૂંટણી પરિણામના દિવસે ભાજપના કાર્યકર્તાઓ અને સમર્થકોની હત્યા કરવામાં આવી હતી, ૨૦૧૮માં સ્થાનિક ચૂંટણીઓમાં જેમ ભાજપ કાર્યકર્તાઓ અને સમર્થકોની હત્યા કરાઈ હતી તેમ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સંપન્ન થયા પછી પણ હિંસા ચાલુ થઈ ગઈ છે. ‘ધ હિન્દુ’ના રિપોર્ટ પ્રમાણે, નાદિયા જિલ્લામાં ચૂંટણી પછીની હિંસાની એક ઘટનામાં ભાજપના એક કાર્યકર્તાની હત્યા થઈ ગઈ હતી. પીડિતના પરિવારે કહ્યું કે ભાજપ પ્રત્યે તેની નિષ્ઠાના કારણે સત્તારૂઢ તૃણમૂલ કૉંગ્રેસે તેને નિશાન બનાવ્યો. કૂચબિહાર જિલ્લાના નતાબાડી વિસ્તારમાં ભાજપના કાર્યકર્તા પર તૃણમૂલ સમર્થકે બંદૂકથી હુમલો કરી દીધો. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના ભાટપરામાં કેટલાક લોકોએ ભાજપ કાર્યકર્તાઓનાં ઘરોમાં તોડફોડ કરી. ભાજપના કાર્યાલયમાં પણ તોડફોડ કરવામાં આવી. મધ્યમગ્રામમાં ભાજપના બારેક જેટલા કાર્યકર્તાઓ પર હુમલો કરવામાં આવ્યો અને તેમનાં ઘરોમાં તોડફોડ કરવામાં આવી.

જ્યાં તૃણમૂલ કૉંગ્રેસ નેતા શાહજહાં શેખ અને તેના સાગરિતોએ તૃણમૂલ સમર્થક દલિત-આદિવાસી મહિલાઓ પર બળાત્કાર કર્યા, જમીનો હડપી લીધી તેવા સંદેશખાલીમાં ચૂંટણી પરિણામ પછી હિંસાનો ભોગ બનવું ન પડે તેથી ત્યાંના લોકો પરિવાર સાથે ભાગીને ચાલ્યા ગયા.

માત્ર ભાજપ જ નહીં, તૃણમૂલના વિરોધી પક્ષો આ પ્રકારની હિંસાના શિકાર ત્યાં બની રહ્યા છે. અગાઉ આવી હિંસા ડાબેરી પક્ષોના કાર્યકર્તાઓ કરતા હતા, હવે તૃણમૂલના કાર્યકર્તાઓ કરે છે. આ વખતે સીપીએમના એક નેતાની દીકરીની દુકાનમાં પણ તોડફોડ કરવામાં આવી. આ ઉપરાંત રાષ્ટ્રીય જનતા દળના અધિકારિક ટ્વિટર હેન્ડલ પરથી સપ નેતા સનાતન પાંડેયની એક જૂની પૉસ્ટને તસવીર રૂપે ટ્વીટ કરી હતી. આ પૉસ્ટમાં સનાતન પાંડેયે કલેક્ટરને ધમકી આપતાં કહ્યું હતું કે જો પરિણામોમાં ગડબડ થશે તો મારી અથવા કલેક્ટરની લાશ નીકળશે. આ જ રીતે બિહારમાં કૉંગ્રેસ નેતા પપ્પુ યાદવે પોતાના કાર્યકર્તાઓને ચૂંટણી પરિણામના આગલા દિવસે આહ્વાન કર્યું હતું કે લોકતંત્રની હત્યા થઈ તો મહાભારતનો સંગ્રામ થશે. આથી કફન બાંધીને આવજો, મરવા માટે પૂરી તૈયારી કરીને આવજો. જોકે આ ચૂંટણી પપ્પુ યાદવે ઇન્ડિ ગઠબંધનની સમજૂતી હેઠળ કૉંગ્રેસે રાજદને આપી દેતાં અપક્ષ લડી હતી. ટૂંકમાં, આ ચૂંટણીમાં પરિણામો વિપરીત એટલે કે ભાજપને ૩૦૦થી ઉપર અને એનડીએને ૪૦૦થી ઉપર આવ્યા હોત તો હિંસા ભડકવાની પૂરી શક્યતા હતી. અત્યારે તો દેશ બચી ગયો છે, પરંતુ આ પ્રકારની ધમકીઓ કેટલી ઉચિત તે વિચાર માગી લે છે.

# મહાભારતમાં રામાયણની કથાનો સાર

એક બાજુ બ્રહ્મા તપ કરતા રાક્ષસોને વરદાન આપતા હતા એને પરિણામે રાક્ષસો વધુ તે વધુ બળવાન બનાle જતા હતા એટલે અગ્નિ સમેત બધા દેવ બ્રહ્માની શરણે ગયા, ‘ભગવાન, તમે પહેલાં જ વિદ્વાન પુત્ર રાવણને વરદાન આપી દીધું છે અને તેને કારણે તે અવધ્ય બની ગયો છે. આ રાક્ષસ ત્રણે જગતની પ્રજાઓને સતાવી રહ્યો છે. તમારા સિવાય હવે અમારી રક્ષા કોણ કરી શકશે? એ વાત સાચી કે તે દેવો-દાનવોથી જીતી નહીં શકાય પણ મેં એનો ઉપાય વિચારી રાખ્યો છે. વિષ્ણુ ભગવાને મારી પ્રાર્થનાથી જગતમાં અવતાર લીધો છે. તેઓ જ આ કાર્ય કરી શકશે. બધા દેવોના દેખતાં જ બ્રહ્માએ બધાને વિષ્ણુ ભગવાનની સહાય માટે ધરતી પર અવતાર લેવાનો. રીંછ અને વાનરોની માદાએ પુત્રોને જન્મ આપવાનો.


આનો સાદો અર્થ એ થયો કે માત્ર દેવતાઓ ન ચાલે. પશુઓને પણ સાથે રાખવા પડે. માનવી પશુની સહાયથી જ વિજય મેળવી શકશે. દશરથ પત્ની કૌશલ્યા સદભાગી છે કે સવારે તેનો પુત્ર રાજગાદીએ બેસશે. આ સમાચાર લઈને મંથરા કૈકેયી પાસે ગઈ. એક રીતે કૈકેયી સ્વભાવે દુષ્ટ ન હતી પણ મંથરાએ તેનું મન ભરમાવ્યું, દશરથ રાજાએ તો બધા પુત્રોના વિવાહ કરી દીધા. સૌથી મોટો પુત્ર રામ એટલે રામને યુવરાજ બનાવવાનો નિર્ધાર કર્યો. રામ બધી રીતે નિપુણ હતા. ક્યારેય તે પરાજિત થતા ન હતા. રામને હવે નિમંત્રણ આપવાનું.

મંથરા કેવી રીતે માર્ગ કાઢવો તે જાણતી હતી. તેને દશરથ રાજાએ કૈકેયીને આપેલા બે વરદાન યાદ હતા એટલે કૈકેયીને તેની યાદ અપાવી. હવે કૈકેયી હસતાં હસતાં બોલી, મને તમે જે વરદાન આપેલાં તે યાદ છે. આ સાંભળી દશરથ રાજાનો શો પ્રતિભાવ

**રામાયણની કથા**
શિરીષ પંચાલ

છે. કોઈ રાજા આવો પ્રતિભાવ આપી જ ન શકે. ‘‘તુ કહે તો જે મારવા યોગ્ય ન હોય તેનો વધ કરાવું અને જે મારવા યોગ્ય હોય તેને છોડી દઉં. જે નિર્ધન હોય તેને ધનવાન બનાવી દઉં અને કોઈ ધનવાનને નિર્ધન બનાવી દઉં.’’ સાવ સામાન્ય કક્ષાના લંપટ પુરુષની કક્ષાએ આ રાજા જઈ ચઢયા. આ સાંભળી કૈકેયીને પિત્તો ચઢ્યો, તે બોલી,

‘‘રામના રાજ્યાભિષેક માટે જે સામગ્રી એકઠી કરી છે તેના વડે ભરતનો રાજ્યાભિષેક કરી દો’’ હવે કૈકેયી ચતુરસુજાણ બની છે. જો રામ અહીં રહે તો ડગલેપગલે વિઘ્ન ઊભાં કરી શકે. અયોધ્યાની પ્રજા પણ રામને કારણે ભરત સામે વિદ્રોહ કરી શકે. દશરથ આ



સાંભળીને કશું જ બોલી ન શક્યા. તેમણે તો પરોક્ષ રીતે આવેલી આજ્ઞાનું પાલન કર્યું.

રામે દેશવટો સ્વીકારી લીધો. રામની પાછળ પાછળ સીતા અને લક્ષ્મણ પણ ચાલી નીકળ્યા. ગુજરાતના અર્વાચીન કવિ દલપતરાયે લખ્યું

**સીતા સમાણી સતી ક્રોધ વાણી**
**પતિ પ્રતિજ્ઞાય સદા પ્રમાણી**

જો ભરત અહીં હોત તો આવી કશી ઘટના બનત નહીં. વળી પુત્રપ્રેમનો આઘાત દશરથ રાજાને કેટલો બધો? તરત જ હૃદય બંધ પડી ગયું! હવે જ્યારે બધા જ અંતરાયો દૂર થયા ત્યારે કૈકેયીએ ભરતને બોલાવ્યો. ‘‘હવે જ્યારે આખું રાજ્ય નિષ્કંટક બની ગયું છે ત્યારે તું રાજગાદીએ બેસ.’’ એક રીતે કૈકેયી કેવા કઠોર કાળજાની? તેને રામના વનવાસનું તો ઠીક પણ પોતાના વૈધવ્યનું દુ:ખ પણ નથી!

પણ ભરતનો પ્રતિભાવ કૈકેયીની અપેક્ષા પ્રમાણે ન હતો, તેણે તો આક્ષેપ કર્યો કે તે તારા પતિની હત્યા કરી.

રામ હવે ધીમે ધીમે વનમાં આગળ વધે છે, એક પછી એક રાક્ષસનો વધ કરતા જાય છે. આ રામાયણ નથી કે બધાનું આલેખન વિગતે થઈ શકે. આ તો મહાભારતમાં રામાયણની કથાનો સાર આપ્યો છે. નાક-હોઠ કપાયેલી શૂર્પણખા ભાઈ રાવણ પાસે ફરિયાદ કરતી ગઈ. હવે કયો ભાઈ પોતાની બહેનનું આવું અપમાન સાંખી શકે! તરત જ તે ક્રોધે ભરાઈને ઊભો થઈ ગયો. બહેનને એકાંતમાં બોલાવીને આ નિંદનીય કાર્ય કોણે કર્યું તે પૂછ્યું છેવટે બહેને ભાઈને બધી વાત કરી, 14000 રાક્ષસોના વધની વાત પણ કરી. આ બધી અતિશયોક્તિ કહેવાય. બીજા વિશ્વયુધ્ધમાં પણ આવી ઘટનાઓ જવલ્લે બનતી હતી. રાવણ એકાંતમાં ગયો અને ત્યાં મારીચને જોયા. છેવટે તેને બધી વાત કરી, મારીચ આરંભે તો સંમત ન થયો. છેવટે તેણે હા પાડી એટલે રાવણે તેને કાંચન મૃગ બનવા કહ્યું, ‘તને જોઈને સીતા લોભાશે

**રાવણ સંન્યાસીનો વેશ લઈને આવ્યો અને સીતાને પોતાની સ્ત્રી બનવા કહ્યું પણ સીતા શાની માને?**

અને રામને તારો વધ કરવા મોકલશે એટલે પછી હું સીતાનું હરણ કરીશ. તે તો કાંચન મૃગ જોઈને લોભાઈ, રામ તેનો વધ કરવા ગયા.

**કવિ દલપતરામે કહ્યું.**
**‘કુરંગ હણવા મતિ ભ્રષ્ટ કીધી**
**વિનાશ કાળે વિપરીત બુદ્ધિ**

રાવણ સંન્યાસીનો વેશ લઈને આવ્યો અને સીતાને પોતાની સ્ત્રી બનવા કહ્યું પણ સીતા શાની માને? કોઈ પણ સંજોગોમાં તે આ વાત સ્વીકારી ન શકે પણ રાવણ તેને બળજબરીથી ઉપાડી ગયા.